# ૐકાર સંપ્રદાય

ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષ: ૧૧ | અંક: ૪ | ઓક્ટોબર - ૨૦૨૫
કિંમત: ૧૦/-





પ.પૂ.સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

# કાળીચૌદશની રક્ષા મહાસાધના અને ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાસાધના

કાળીચૌદશનો દિવસ એટલે આધ્યાત્મિક ચેતના પ્રગટાવવાનો દિવસ તેમજ સ્વયંનું અને પરિવારજનોની રક્ષા આખા વર્ષ દરમ્યાન થાય એની સાધના કરવાનો દિવસ.
આપ ભક્તજનોએ કાળીચૌદશની સાધનામાં જોડાવા માટે નીચેના **મોબાઈલ નંબર: 9429208997** ઉપર સત્વરે લખાવી દેવું.

**શુભ તારીખ**

**૧૯ - ૧૦ - ૨૦૨૫**
**રવિવાર**

**શુભ સમય**

**સાંજે ૪ થી ૬ કલાકે**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**ખાસ નોંધ:**

1. કાળીચૌદશની સાધનામાં પુરુષોએ સફેદ ઝભ્ભો લેંઘો અને બહેનોએ લાલ વસ્ત્રો ધારણ કરવા.
2. મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**સંપર્ક સૂત્ર: ૯૪૨૯૨૦૮૯૯૭**

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**
માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**
ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ
**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**
ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.


E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**
પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

ઓક્ટોબર-૨૦૨૫ | પાના નં: ૨૪
વર્ષ: ૧૧ | અંક: ૪
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આપ સૌને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન. આપ સર્વ ભક્તજનોનું વિક્રમ સંવત ૨૦૮૨નું નવું વર્ષ ખૂબ જ આનંદસભર પસાર થાય તેવી શુભેચ્છા. આત્માને ઓળખવાનો અને પરમાત્માને અનુભવવાનો માર્ગ છે - પ્રાર્થના, ધ્યાન, સેવા અને સત્યનિષ્ઠ જીવન. સેવા એ શ્રેષ્ઠ સાધના છે, જે હૃદયને પરમાત્માની નજીક લાવે છે. જ્ઞાન એ પ્રકાશ છે, જે અંધકારને દૂર કરનાર છે. ધર્મ એ વહેંચવાનો વિષય છે, લડવાનો નહીં. સાચી આધ્યાત્મિકતા એ મંદિરો, શાસ્ત્રો કે રીતિ-રિવાજોમાં બંધાયેલી નથી; તે તો હૃદયની શુદ્ધતા, વિચારોની પવિત્રતા અને કર્મોની નિષ્ઠામાં વસે છે.

ૐકાર સંપ્રદાય મેગેઝિન દ્વારા પરમ પૂજ્ય ગુરુજીનું એકમાત્ર લક્ષ્ય છે કે એમના દ્વારા આપવામાં આવતી મંત્રસાધનાઓ આપ સૌ ભક્તો કરો જેનાથી ભક્તોનું કલ્યાણ થાય, એમના જીવનમાં આવતી આધિ-વ્યાધિ-ઉપાધિ દૂર થાય અને આપનો આત્મા અને ઓરા પવિત્ર પુણ્યશાળી બની મોક્ષમાર્ગે પ્રયાણ કરે.

આ સાથે હું અહીંયા પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા રચિત ગઝલ સંગ્રહમાંથી એક ગઝલ પ્રસ્તુત કરી રહ્યો છું.

## 'નવા વિચારો'

આગળ સૌ વધીએ કેં જૂદું કરીને, નવા વિચારોના વાવેતર કરીને.
થોડા સમજણાં થઈએ ચાલો હવે તો, અરસ-પરસ મનદુઃખ સઘળા ભૂલીને.
મળી છે આ જિંદગી અમુલ્ય આપણને, જીવીએ ચાલો થોડું માણસ બનીને.
વધીએ આગળ સૌ જીવનમાં સંગાથે, ઈર્ષ્યા, વેરભાવ બધું ત્યજી, ભૂલીને.
સાંજ ઢળે જીવનની એ પહેલા જ આ પણ,
તરી જઈએ સાગર 'ૐગુરુ' શરણું ઝાલીને.

પૂજ્ય ગુરુદેવની દિવ્ય કૃપા દૃષ્ટિ તેમજ તેમણે પ્રદાન કરેલ મંત્રજાપ દ્વારા આપ સૌનું જીવન શ્રેષ્ઠ બને તેમજ આપ સૌ પ્રગતિના પંથે અવિરત આગળ વધતા રહો એવી પૂજ્ય ગુરુદેવનાં શ્રીચરણોમાં મારી અભ્યર્થના...

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥



# દીપાવલી મહાપર્વમાં મહાપૂજન માટેની વિધિ

## ધનતેરસની પૂજાવિધિ :

ધનતેરસના દિવસે સર્વપ્રથમ બે બાજઠ પર જુદા-જુદા લાલ કપડા પાથરવા. ત્યારબાદ આપણા જમણા હાથના બાજઠ ઉપર ઘઉં પાથરવા અને બીજા બાજઠ ઉપર ચોખા પાથરવા. ઘઉંવાળા બાજઠ ઉપર ભગવાન શ્રી ગણેશની સ્થાપના કરવી અને ચોખાવાળા બાજઠ ઉપર માતા શ્રી શુભલક્ષ્મીદેવીનો ફોટો અથવા મૂર્તિ તેમજ પાંચ રૂપિયાના સિક્કાની સ્થાપના કરી ત્રણ ફળ, સૂકોમેવો, સાકર અને કોપરાની કાચલી મુકવી. ભગવાન શ્રી ગણેશના સ્થાપન પર ભગવાન શ્રી ગણેશનો ફોટો, સવા કિલો ગોળ, ત્રણ ફળ અને યથાશક્તિ સૂકોમેવો નૈવેદ્ય માટે મુકવો. પછી દીવો અને અગરબત્તી (ધૂપ) કરીને એ સ્થાપન સામે આસન પર બેસીને પૂજાની તૈયારી કરવી. જેમાં એક-એક વાડકીમાં કંકુ-ચંદન પલાળવા. એક વાડકીમાં ચોખા લેવા, એક નાડાછડીની દડી, કપૂર, જનોઇ અને અત્તર તેમજ પુષ્પ(ફૂલ) લેવા અને તમારી આગળ એક થાળી લેવી, સાથે જ એક કળશ અને વાડકીમાં પૂજા માટે પાણી અને એક વાડકીમાં પંચામૃત લેવું. તમારી આગળ રાખેલ થાળીની જમણી બાજુ પાણીની વાડકી ચમચી સાથે મુકવી અને ડાબી બાજુ પંચામૃત મુકવું.

ત્યારપછી સર્વપ્રથમ બે હાથ જોડીને નમસ્કાર કરવા અને પોતાના ઉપર જળ(પાણી) નો છંટકાવ કરવો અને ત્રણ વખત જમણા હાથની હથેળીમાં પાણી લઇને પી જવું. પછી પોતાના કપાળ ઉપર કંકુનું તિલક કરવું અને જમણા હાથે નાડાછડી બાંધવી. ત્યારબાદ હાથમાં પુષ્પ(ફૂલ) લઇને કુળદેવી અને ભગવાન શ્રી ગણેશને વંદન કરવા અને પુષ્પ ભગવાન શ્રી ગણેશના ચરણોમાં અર્પણ કરી દેવા. ત્યારબાદ નમસ્કાર કરીને દીવાને પગે લાગવું. ત્યારબાદ બે દાણા ચોખા ભગવાન શ્રી ગણેશ ઉપર ચઢાવવા અને ફરી હાથમાં પુષ્પ રાખીને ધનસ્વરૂપ માતા શ્રી શુભલક્ષ્મીદેવીને વંદન કરવા અને પુષ્પ માતાજીના ચરણોમાં અર્પણ કરી દેવા અને બે દાણા ચોખા ચઢાવવા. એ પછી ભગવાન શ્રી ગણેશ અને પાંચ રૂપિયાના સિક્કા થાળીમાં લેવા, પછી બધા દેવ ઉપર ત્રણ-ત્રણ ચમચી પાણી અને પાંચ-પાંચ ચમચી પંચામૃત ચઢાવવું ત્યારબાદ એક પુષ્પ ભગવાનની ઉપર (થાળીમાં) ચઢાવીને નમસ્કાર કરવા અને પછી કળશ લઇને બધા દેવો ઉપર જળની ધારા કરવી અને મનમાં "।। ૐ ધનિતા લક્ષ્મીદેવી નમઃ ।।" નો ૩૬ વખત જાપ કરીને બધા દેવ-દેવીને વારાફરતી સ્નાન કરાવીને સ્વચ્છ વસ્ત્ર(કપડાં) દ્વારા લૂછીને પાછા સ્થાપનમાં મુકવા. ત્યારબાદ એક ફૂલમાં અત્તર લઇને બધા દેવ-દેવીને ચઢાવવું. ચંદન અને કંકુના તિલક કરીને ચોખા ચઢાવવા અને એકવાર ૐઋષિ રચિત 'ૐકાર ચાલીસા' અને 'શ્રી નવદુર્ગા ચાલીસા'નો પાઠ કરવો.

**મંત્રઃ ।। ૐ ધનિતા લક્ષ્મીદેવી નમઃ ।।**

**ઉત્થાપનની રીત :** બીજા દિવસે સવારે ૭ થી ૧૦ માં ચોખા વધાવીને આ વિધિ (સ્થાપન) નું ઉત્થાપન કરવું.

## કાળી ચૌદશની પૂજાવિધિ :

સૌપ્રથમ એક લાકડાના બાજઠ કે પાટલા ઉપર પીળા કલરનું કપડું પાથરીને તેના ઉપર લોખંડનો ટુકડો મુકવો. સ્થાપન રાત્રે ૮ થી ૧૨માં કરવું. ત્યારબાદ સ્થાપન સામે આસન પર બેસીને નીચે આપેલા મંત્રનો ૩૬ વખત જાપ કરવો અને એકવાર ૐઋષિ રચિત 'ૐકાર ચાલીસા' અને 'શ્રી નવદુર્ગા ચાલીસા'નો પાઠ કરવો. બીજા દિવસે સ્થાપનનું ઉત્થાપન કરી લેવું અને સ્થાપનમાં મુકેલી વસ્તુઓ પીળા કપડામાં બાંધીને નદીમાં પધરાવી દેવી.



**મંત્રઃ ।। ૐ મહાકાલી વરદાયિની અંબિકા નમો નમઃ ।।**



।। ૐ નમઃ ।।

## દિવાળી-ચોપડાપૂજનની પૂજાવિધિ :

સર્વપ્રથમ બે બાજઠ લેવા. એમાંથી એક બાજઠ ઉપર લાલ કાપડ પાથરીને પોતાની આગળ જમણી બાજુ મુકવું અને બીજા બાજઠ ઉપર સફેદ કાપડ પાથરીને પહેલા બાજઠ પાસે ડાબી બાજુમાં મુકવું. ત્યારબાદ લાલ કપડાવાળા બાજઠ ઉપર ઘઉં પાથરીને ભગવાન શ્રી ગણેશના ફોટા કે મૂર્તિનું સ્થાપન કરવું. સફેદ કપડાવાળા બાજઠ ઉપર ચોખા પાથરી માતા શ્રી શુભલક્ષ્મીદેવીનો ફોટો અથવા મૂર્તિનું સ્થાપન તથા માતા શ્રી શારદાદેવી(ચોપડા)નું સ્થાપન કરવું. ભગવાન શ્રી ગણેશના સ્થાપન પર સવા કિલો ગોળ, ત્રણ ફળ અને યથાશક્તિ સૂકોમેવો નૈવેધ માટે મુકવો. માતા શ્રી શુભલક્ષ્મીદેવીના સ્થાપનમાં પાંચ ફળ, સૂકો મેવો, સાકર અને મીઠાઇ મુકવી. પછી દીવો અને અગરબત્તી (ધૂપ) કરીને એ સ્થાપન સામે આસન પર બેસીને પૂજાની તૈયારી કરવી. જેમાં એક-એક વાડકીમાં કંકુ-ચંદન પલાળવા. એક વાડકીમાં ચોખા લેવા, અક નાડાછડીની દડી, કપૂર, જનોઇ અને અત્તર તેમજ પુષ્પ(ફૂલ) લેવા અને તમારી આગળ એક થાળી લેવી, સાથે જ એક કળશ અને વાડકીમાં પૂજા માટે પાણી અને એક વાડકીમાં પંચામૃત લેવું. તમારી આગળ રાખેલ થાળીની જમણી બાજુ પાણીની વાડકી ચમચી સાથે મુકવી અને ડાબી બાજુ પંચામૃત મુકવું.

ત્યારપછી સર્વપ્રથમ બે હાથ જોડીને નમસ્કાર કરવા અને પોતાના ઉપર જળ(પાણી) નો છંટકાવ કરવો અને ત્રણ વખત જમણા હાથની હથેળીમાં પાણી લઇને પી જવું. પછી પોતાના કપાળ ઉપર કંકુનું તિલક કરવું અને જમણા હાથે નાડાછડી બાંધવી. ત્યારબાદ હાથમાં પુષ્પ(ફૂલ) લઇને કુળદેવી અને ભગવાન શ્રી ગણેશને વંદન કરવા અને પુષ્પ ભગવાન શ્રી ગણેશના ચરણોમાં અર્પણ કરી દેવા. ત્યારબાદ નમસ્કાર કરીને દીવાને પગે લાગવું. ત્યારબાદ બે દાણા ચોખા ભગવાન શ્રી ગણેશ ઉપર ચઢાવવા અને ફરી હાથમાં પુષ્પ રાખીને માતા શ્રી શુભલક્ષ્મીદેવી અને માતા શ્રી શારદાદેવી(ચોપડા)ને વંદન કરવા અને પુષ્પ માતાજીના ચરણોમાં અર્પણ કરી દેવા અને બે દાણા ચોખા ચઢાવવા. એ પછી ભગવાન શ્રી ગણેશ અને માતાશ્રી શુભલક્ષ્મીદેવીને થાળીમાં લેવા, પછી ત્રણ-ત્રણ ચમચી પાણી અને પાંચ-પાંચ ચમચી પંચામૃત ચઢાવવું ત્યારબાદ એક પુષ્પ ભગવાનની ઉપર (થાળીમાં) ચઢાવીને નમસ્કાર કરવા અને પછી કળશ લઇને બધા દેવો ઉપર જળની ધારા કરવી અને મનમાં "॥ ૐ ત્રબસ્ય લક્ષ્મીકુબેર નમો નમઃ ॥" નો ૩૬ વખત જાપ કરીને બધા દેવોને વારાફરતી સ્નાન કરાવીને સ્વચ્છ વસ્ત્ર(કપડાં) દ્વારા લૂછીને પાછા સ્થાપનમાં મુકવા. ત્યારબાદ એક ફૂલમાં અત્તર લઇને ભગાવાન શ્રી ગણેશ અને માતા શ્રી શુભલક્ષ્મીદેવીને ચઢાવવું. પછી ચંદન અને કંકુના તિલક કરીને પુષ્પ ચઢાવી ચોખા ચઢાવવા. ત્યારબાદ લાલ પેનને પાંચ ચાંલ્લા કરવા અને પછી ચોપડામાં પાંચ પરમેશ્વરના નામ લખી ચોપડા માતા શ્રી શુભલક્ષ્મીદેવીના સ્થાપન પર મુકવા અને દરેક ચોપડાઓમાં એક-એક કપૂરી પાન, એના પર શેરડીનો ટુકડો અને કમળકાકડી, ચોળી, ચીભડાં અને બોર મુકવા પછી ભગવાનને વંદન કરીને એકવાર ૐઋષિ રચિત 'ૐકાર ચાલીસા' અને 'શ્રી નવદુર્ગા ચાલીસા' પાઠ કરવો.

**મંત્રઃ ॥ ૐ ત્રબસ્ય લક્ષ્મીકુબેર નમો નમઃ ॥**

**ઉત્થાપનની રીત :-** બીજા દિવસે સવારે ૭ થી ૧૦ માં ચોખા વધાવીને આ વિધિ (સ્થાપન) નું ઉત્થાપન કરવું.

## નૂતન વર્ષમાં પેઢી ખોલવા માટે મુહૂર્તવિધિ :

નૂતન વર્ષમાં પેઢી ખોલવા માટે મુહૂર્તવિધિ :

બેસતા વર્ષના દિવસે અથવા લાભપાંચમના દિવસે અથવા જ્યારે નવા વર્ષમાં પેઢીનું મુહૂર્ત કરો તે દિવસે સવારે મુહૂર્તના સમયે દુકાન કે ઓફિસની બહાર એક શ્રીફળ વધેરવું અને ચપટી કંકુ એના પર પધરાવવું. ત્યારબાદ નીચે આપેલો મંત્ર ૩૬ વખત બોલી દુકાન કે ઓફિસનું તાળું ખોલવું.




**મંત્રઃ ॥ ૐ શુંભાશુ શુભાંશુ લક્ષ્મીદેવી નમઃ ॥**

# ગંગાબા

## (સંપૂર્ણ સત્ય ઘટના)

**ઘટના તારીખ - ૧૫-૧૦-૧૯૯૬ | સ્થળ - અમદાવાદનો એક વૃદ્ધાશ્રમ**

ગંગાબાનું જીવન એ સ્ત્રીના જીવનને સાચા અર્થમાં સાર્થક કરનાર સત્ય ચરિત્ર છે.

ગંગાબા જેવી સ્ત્રીઓને આ ધરતી ઉપર જન્મ આપવાનું કાર્ય ઈન્દ્રલોકે બંધ કરી દીધું કે પછી ગંગાબા જેવી સ્ત્રીઓ ઈન્દ્રલોકના જે બીબામાંથી જન્મ લેતી હતી એ બીબું તૂટી ગયું એની જાણ તો મને નથી પરંતુ ગંગાબા જેવી સ્ત્રીને મળવાનો મને અવસર મળ્યો એ સ્ત્રીના બલિદાનને સમજવા માટે પૂરતું છે.

ગંગાબાની વાત ચાલુ થાય છે મહેસાણા પાસે આવેલા બોકરવાડા ગામમાં જ્યારે એ ઉનાવા ગામમાં આવેલા પોતાના પિયરથી લગ્ન કરીને બોકરવાડા સાસરે આવ્યા હતાં. ગંગાબાના લગ્ન સંયુક્ત પરિવારમાં પરસોત્તમ પટેલના બીજા દીકરા જ્યંતીભાઇ પટેલની સાથે થયા હતાં. લગ્નના વર્ષો પછી પણ ગંગાબાને કોઇ સંતાન થયું ન હતું.

ગંગાબા અને એમના પતિ જ્યંતીભાઇએ પત્થર એટલા દેવ કર્યા હશે પરંતુ એમના ખોળાને ખુંદનાર ના મળ્યો. એ કુદરતે ગંગાબાને આપેલો સૌથી પહેલો પ્રહાર હતો.

ગંગાબાના લગ્નના દસ વર્ષ પછી એમના જેઠ દલસુખભાઇએ સંસારનો ત્યાગ કરી સાધુ જીવનમાં પ્રવેશ કર્યો અને એમની જેઠાણી સીતાબેન પતિ સાધુ બન્યા એના વિરહમાં ઝૂરીઝૂરીને બે વર્ષમાં પોતે પણ મોટા ગામુતરે નીકળી ગયા અને પાછળ છોડતા ગયા સાત વર્ષના દીપક અને પાંચ વર્ષના સૂરજની જવાબદારીઓ, જે ગંગાબાના માથા ઉપર આવી પડી હતી.

ગંગાબા લગ્ન કરીને આવ્યા એ પહેલા જ સાસુ તો મોટા ગામુતરે નીકળી ચૂક્યા હતાં અને મોટો દીકરો સંન્યાસી બન્યો અને બે વર્ષમાં વહુનું મૃત્યુ થયું એ આઘાત પરસોત્તમ પટેલ સહી ના શક્યા માટે પાંસઠ વર્ષની વયે પોતે પણ આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા. આ રીતે ગંગાબાને સાંસારિક જીવનમાં કુદરતે બીજા બે મોટા પ્રહાર આપ્યા હતાં.

હવે ગંગાબાના શિરે દીપક અને સૂરજનો ઉછેર કરવાની જવાબદારી આવી પડી હતી. ગંગાબાએ એમના પતિ જ્યંતીભાઇ સાથે ગામમાં આવેલા મહાદેવના મંદિરમાં જઇને હાથમાં જળ લઇ સંકલ્પ કર્યો હતો કે એ આ બંન્ને છોકરાઓને પોતાના સગા દીકરા સમજીને ઉછેરશે.

ગંગાબાએ જાણે પોતાના જીવનનું એકમાત્ર લક્ષ્ય નિર્ધારિત કર્યું હોય એ રીતે એ દીપક અને સૂરજ બંન્નેને પોતાના સગા દીકરાઓ માનીને એ બંન્નેનું લાલનપાલન અને ઉછેર કરવા માંડ્યા હતાં. બંન્નેના જીવનમાં જરાક જેટલી પણ કમી ના આવે એનું ખાસ ધ્યાન તેઓ રાખતા હતાં.

ઘણીવાર જ્યંતીભાઇ ગંગાબાને કહેતા પણ ખરા.

"ગંગા, તું આટલો મોહ અને લાગણી આ છોકરાઓમાં ના રાખ, નહિતર એક દિવસ મોહભંગ થશે તો તું તૂટી જઇશ." પરંતુ ગંગાબા

પતિની આવી વાતને હસી કાઢતા હતાં.

આ વિશ્વમાં સમય ક્યારેય પણ કોઇના માટે થંભ્યો નથી અને અટક્યો નથી. સમય ભગવાન રામનો વનવાસ અટકાવી શક્યો નથી કે રાક્ષસરાજ રાવણનો વિનાશ રોકી શક્યો નથી. સમય તો એની ચાલ ચાલતો જ રહે છે. જો ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના માટે સમય ના રોકાયો હોય તો આ ગંગાબા જેવી સ્ત્રી માટે સમયનો પ્રવાહ ક્યાંથી રોકાવાનો હતો?

સૂરજ અને દીપક બંન્ને પોતાનું ભણતર પૂરું કરી અમદાવાદમાં સ્થાયી થયા હતાં. સૂરજ એન્જીનીયર બન્યો અને ONGC કંપનીમાં નોકરીએ લાગ્યો હતો. જ્યારે દીપક અમદાવાદની દવા કંપનીમાં B.Pharm થઇ નોકરીએ વળગ્યો હતો. સૂરજ અને દીપકના લગ્ન બાપદાદાની જમીન વેચીને પણ જ્યંતીભાઇ અને ગંગાબાએ ધામધૂમથી કરાવ્યા, પરંતુ વહુઓના ઘરમાં આવ્યા બાદ ગંગાબાના જીવનના સમીકરણો બદલાવાના શરૂ થઇ ગયા હતાં. આ કુદરતે એમને આપેલો ચોથો પ્રહાર હતો.

પચાસ વર્ષની ઉંમરે પહોંચેલા ગંગાબા અને પંચાવન વર્ષના થયેલા જ્યંતીભાઇ હવે બોકરવાડામાં એકલા રહેવા લાગ્યા હતાં. બંન્ને દીકરાઓ વર્ષે એક-બે વાર બોકરવાડા આવતા હતાં.

એકવાર ગંગાબા અને જ્યંતીભાઇ અમદાવાદ બંન્ને દીકરાઓના ઘરે પંદર-પંદર દિવસ રોકાઇ આવ્યા ત્યારે બંન્ને સમજી ચૂક્યા હતાં કે બંન્ને દીકરાઓના ઘરમાં અને દિલમાં હવે એ લોકો માટે કોઇ જગ્યા નથી અને ગંગાબાને કુદરતે આપેલો આ પાંચમો પ્રહાર હતો.

દીકરાઓ અને વહુઓનું વર્તન જોઇ જ્યંતીભાઇએ ગંગાબાને કહ્યું પણ હતું.

"ગંગા, આ છોકરાઓનો ઉછેર કરવાનું તારું તપ નિષ્ફળ ગયું." જ્યંતીભાઇએ આંખમાં આંસુ સાથે કહ્યું હતું.

"ના હોં, એવું જરાય ના કહેતા. મારી મમતામાં કચાશ રહી ગઇ હશે માટે મારા દીકરાઓ અને વહુઓએ મોઢા ફેરવી લીધા. ઉણપ મારામાં હશે, એ લોકોમાં નહિ." ગંગાબાએ હસીને પતિ જ્યંતીભાઇને કહ્યું હતું.

ગંગાબાએ તો મહાદેવની ઇચ્છા સમજીને પોતાની કિસ્મત અને ભવિષ્ય સાથે સમાધાન કરી લીધું હતું, પરંતુ સૂરજ અને દીપકના વ્યવહારથી જ્યંતીભાઇ અંદરથી ખૂબ દુઃખી થઇ ગયા હતાં અને આ જ દુઃખ એમને સાંઇઠ વર્ષની ઉંમર પૂરી થાય તે પહેલા ભગવાનના ઘરે લઇ ગયું હતું. આ કુદરતે ગંગાબા ઉપર આપેલો છઠ્ઠો પ્રહાર હતો.

હવે ગંગાબા બોકરવાડાના ઘરમાં એકલા થઇ ગયા. પોતાની જાતે પોતાની દેખરેખ કરી શકે એવી અવસ્થા માનસિક મનોબળ તૂટવાના કારણે રહી ન હતી. છેવટે ગામના સરપંચે એમને સમજાવ્યા અને અમદાવાદમાં આવેલા એક વૃદ્ધાશ્રમમાં જઇને ગંગાબાને રહેવાની સલાહ આપી હતી. ગંગાબા પાસે આ સલાહ માનવા સિવાય કોઇ વિકલ્પ ન હતો, કારણકે જમીન-જાયદાદ બધું તો દીકરાઓના ભણતર અને લગ્ન પાછળ વપરાઇ ચૂક્યું હતું અને ઘર શરાફના ત્યાં ગીરવે પડ્યું હતું. આ કુદરતે ગંગાબા ઉપર આપેલો સાતમો પ્રહાર હતો.

હું ૧૯૯૬માં અમદાવાદના એક વૃદ્ધાશ્રમમાં ગંગાબાને મળ્યો હતો અને એમની આખી વાત

એમના મોંઢે જ મેં સાંભળી હતી. એમની આખી વાત પૂરી થયા પછી મેં એમને પૂછ્યું હતું.

"ગંગાબા, તમારે કોઇ વસ્તુની જરૂરિયાત છે ખરી?"

"ના હોં ભાઇ, કોઇ જરૂરિયાત નથી. પરંતુ ડોક્ટરે તપાસીને કીધું કે તમને બ્લડપ્રેશર છે માટે એની દવા તમારે લેવી જોઇએ. પણ બિચારા ડોક્ટરને ક્યાં ખબર હોય કે દવા લેવા માટે રૂપિયા જોઇએ." આટલું બોલી ગંગાબા હસી પડ્યા હતાં.

ગંગાબા ૨૦૦૭માં પંચોતેર વર્ષની વયે મૃત્યુ પામ્યા ત્યાં સુધી બ્લડપ્રેશરની દવા હું મોકલતો રહેતો હતો. દુઃખની દરેક વાત હસતા-હસતા કહેવાની ગંગાબાની ટેવ મને હૃદયમાં સ્પર્શી ગઇ હતી.

એ વખતે હું એવું વિચારતો હતો કે પોતાના જેઠ-જેઠાણીના સંતાનોને દીકરા બનાવીને ઉછેરનાર ગંગાબાને મર્યા ત્યાં સુધી એ બંન્ને માટે કોઇપણ પ્રકારનો ગુસ્સો ન રહ્યો કે ના કોઇપણ જાતની ફરિયાદ રહી. બંન્નેમાંથી એકેય ગંગાબાના છેલ્લા શ્વાસ દરમિયાન હાજર ના રહ્યા અને મૃત્યુ બાદ પણ મુખાગ્નિ આપવાનું કાર્ય પણ વૃદ્ધાશ્રમના સંચાલકો દ્વારા જ કરવામાં આવ્યું હતું.

ગંગાબા જેવી આવી સ્ત્રીને જો નારાયણી ના કહીએ તો આપણે તો સૂરજ અને દીપકની જેમ નગુણા કહેવાઇએ.

ગંગાબા જેવી સ્ત્રી જે કુદરતના આવા નકારાત્મક પ્રહારોને પણ ઈશ્વરની ઇચ્છા સમજીને સ્વીકારતી રહી એવી સ્ત્રીઓ આજના સમયમાં મળશે ખરી? જો તમારો જવાબ ના હોય તો ગંગાબાને આપણે એવું જ કહેવું જોઇએ કે નારી તું નારાયણી છે.

લિ. ૐગુરૂ


આનંદનો આસોપાલવ
(કથાસંગ્રહ)

સામાજિક,
રહસ્યમય અને
રોમાંચક કથાઓનો
અદ્ભૂત કથાસંગ્રહ




સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997

# ૐગુરુના સાનિધ્યમાં આયોજીત

# નિ:શુલ્ક મંત્રથેરાપી સેમિનાર




પરમ પૂજ્ય ગુરુજી દ્વારા મંત્રશક્તિપાત-મંત્રથેરાપીથી શરીરના કોઈપણ જાતના દુઃખાવાથી મુક્તિ માટે સેમિનાર રાખવામાં આવેલ. તા.૨૧-૯-૨૦૨૫ના રોજ યોજાયેલ આ સેમિનારમાં ૨૦૦થી વધુ લોકોએ લાભ લીધેલ. આપ પણ આવનારા અલગ-અલગ શારીરિક રોગોમાંથી મુક્તિ માટેના સેમિનારમાં લાભ લેવા ઈચ્છતા હોય તો ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમનો સંપર્ક કરવો.

























**ખાસ નોંધ :** પરમ પૂજ્ય ગુરુજીએ વર્ષો પહેલા સિદ્ધ કરેલા મંત્રો જે તે સમયે ગુજરાત સમાચારની કોલમોમાં છપાતા હતા જેના કારણે વીસ લાખથી વધુ લોકો ગુજરાતમાં મંત્રો કરતા થયા. એ લેખો અને મંત્રો ખૂબ જ સિદ્ધ થયેલા છે તો આપના પ્રશ્નોના સમાધાન માટે આ મેગેઝિનમાં એ લેખોની શ્રૃંખલા ચાલુ કરીએ છીએ જેથી જે લોકો પાસે એ લેખ ના હોય એમને આ લેખ પ્રાપ્ત થઇ જાય.

# બ્લડપ્રેશર અને ડિપ્રેશન જેવા રોગોમાંથી મુક્તિ પામવી છે?

## આ રહી ચમત્કારિક મંત્રગુરૂચાવી -ૐગુરુ

આજનો આધુનિક સમય અને મનુષ્યની જીંદગી એ ખુબ જ તણાવગ્રસ્ત છે. ભૌતિક જીવનની સમૃદ્ધિ મેળવવા માટે દિવસે દિવસે મનુષ્યની દોડ વધી રહી છે. મનુષ્ય પોતાના શારીરિક અને માનસિક પરિસ્થતિ ઉપર પોતાના કામનો અને ટાર્ગેટનો આક્રમક દબાણ નાંખી રહ્યો છે. મનુષ્યમાં એટલી હદે અધીરાઇ આવી ગઇ છે કે એને આજ ને આજ બધું જ ભોગવી લેવું છે અને મેળવી લેવું છે. મનુષ્યની આ ભૌતિકતાની દોડમાં મનુષ્ય પોતે બ્લડપ્રેશર અને ડિપ્રેશન જેવા રોગોનો દર્દી બનતો ગયો છે. મેડીકલ સાયન્સ પ્રમાણે બ્લડપ્રેશર મટાડવા માટેની કોઇ જ દવા નથી, ફક્ત અને ફક્ત કાબૂમાં રાખવાની જ દવા છે. તેમજ બ્લડ પ્રેશરનાં કારણે શરીરનાં બીજા અંગોને જે નુકશાન થાય તેને અટકાવવાની પણ દવા મેડીકલ સાયન્સ પાસે નથી તથા ડિપ્રેશન માટે મનોચિકિત્સકો પાસે એને મૂળમાંથી કાઢવાની કે એને મટાડવાની કોઇ ચોક્કસ દવા છે જ નહિ અને એ શોધાઇ જ નથી. તો શું બ્લડપ્રેશર અને ડિપ્રેશનમાંથી મુક્ત ન થઇ શકાય? તો તેનો જવાબ છે હા, બ્લડપ્રેશર અને ડિપ્રેશનમાંથી ચોક્કસ મુક્ત થઇ શકાય. આ રોગોમાંથી મુક્ત થવાનો ઇલાજ મંત્રશાસ્ત્રનાં સમુદ્ર પાસે છે.

૨૦૧૦, જાન્યુઆરી મહિનાની ૧૫ તારીખે જેને ગુજરાતમાં વાસી ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે એ દિવસે એક યુવાન મારી પાસે આવ્યો. એની ઉંમર ૩૬ વર્ષની હતી. એ યુવાને આવીને મને કહ્યું કે ગુરૂજી હું આજે આપની પાસે એટલા માટે આવ્યો છું કે હું એક પ્રાઇવેટ કંપનીમાં જોબ કરું છું. હું છેલ્લા બે વર્ષથી જોબમાં કામનાં તેમજ ટાર્ગેટ પૂરા કરવાના કારણે ડિપ્રેશનમાં રહેતો હતો એનાં કારણે છેલ્લા એક વર્ષથી મને બ્લડપ્રેશર પણ આવી ગયું છે. મારું મન સતત ચિંતા અને કામનાં ટેન્શનમાં જ હોય છે. મારા કુટુંબની મારા પર ખૂબ મોટી જવાબદારી છે. ૩૬ વર્ષે બ્લડપ્રેશર અને ડિપ્રેશનનાં કારણે હું માનસિક રીતે ખૂબ જ અસ્તવ્યસ્ત રહું છું.

॥ ૐ નમઃ ॥

હું કાલે મહુડી તીર્થ સ્થાન પર દર્શન કરવા ગયો હતો. ત્યાં એક ભક્તજને આપની મને વાત કરી અને એનો અનુભવ મને જણાવ્યો. હું આપની પાસે ખૂબ આશા સાથે આવ્યો છું. મને સતત મોતનો ભય રહ્યા જ કરે છે અને એમ થાય છે કે મને હૃદયરોગનો હુમલો તો નહીં થાય ને? આપ મને યોગ્ય માર્ગદર્શન આપો. મેં કહ્યું યુવાન તું ખૂબ જ ચિંતિત અને નિરાશ થઇ ગયો છે. ઇશ્વર ઉપરથી અને જીવન ઉપરથી તારો વિશ્વાસ ઉઠી ગયો છે. તારા મનમાં રહેલા અતિ ચિંતાજનક સ્વભાવને કારણે તું ડિપ્રેશન અને બ્લડપ્રેશર જેવા રોગોનો ભોગ બની રહ્યો છે. હું તને આ રોગોમાંથી ચોક્કસપણે બહાર કાઢીશ પરંતુ સતત આ મંત્ર તારે દસ મહિના સુધી કરવો પડશે. આ મંત્રનાં માધ્યમથી ધીમે ધીમે તારા મનમાં ચિંતાનો, કામનાં બોજાનો ભાર જે રહે છે તે ઓછો થતો જશે અને ડિપ્રેશનની બીમારીમાંથી તું બહાર આવતો જઇશ તેમજ બ્લડપ્રેશર તારું ૯ મહિના પછી સંપૂર્ણપણે કંન્ટ્રોલમાં આવી જશે. મેં એને આ રોગોમાંથી બહાર લાવવા માટે મંત્રશાસ્ત્રનાં સાગરમાંથી મંત્રરૂપી મોતી આપ્યો.

દસ મહિના પછી એ યુવાન મને પાછો મળવા આવ્યો. એના ચહેરા પર એક અલગ સ્મિત હતું. યુવાને મને કીધું, ગુરૂજી આ મંત્રએ મારા જીવનમાં એક નવો ચમત્કાર સર્જ્યો છે. આ મંત્રનાં માધ્યમથી ચાર મહિનામાં મારી ડિપ્રેશનની બધી જ દવાઓ બંધ થઇ ગઇ અને મારા માનસિક રોગની દવા આપતા ડોકટરે મને કહ્યું કે તમારે હવે ડિપ્રેશનની દવા લેવાની જરૂર નથી, તમે સંપૂર્ણ સ્વસ્થ છો અને છેલ્લા એક મહિનાથી મારુ બ્લડ પ્રેશર નોર્મલ રહે છે અને આપે આપેલો મંત્ર ચાલુ જ રાખ્યો છે.

ડિપ્રેશન અને બ્લડપ્રેશરનાં દર્દીઓને ચોક્કસ આ મંત્ર કરવાની હું સલાહ આપુ છું. આ મંત્રશાસ્ત્રનું એક એવું બ્રહ્માસ્ત્ર છે કે તમને આ રોગમાંથી ચોક્કસ મુક્તિ અપાવી દેશે.

**મંત્રઃ ॥ ૐ વિવલ્ય વિવલ્ય કુમાંશુ કુમાંશુ ઓરાતિ મુક્તિ નમઃ ॥**

આ મંત્ર રોજ ૬૧ વખત કરવો અને મંત્ર ગણ્યા બાદ ૐઋષિ રચિત ૐકાર ચાલીસા એકવાર વાંચવા. આ મંત્ર આપ કોઇપણ સમયે કોઇપણ જગ્યાએ અથવા ટ્રાવેલીંગમાં પણ આપની અનુકૂળતાએ કરી શકો છો. આ મંત્ર જે આ રોગોથી દુર રહેવા માંગતા હોય તે વ્યક્તિઓએ તેમજ પીડિત વ્યક્તિઓએ પોતે જ આ મંત્ર કરવો જરૂરી છે. એમના સિવાય એમના ઘરવાળા કોઇ આ મંત્ર કરે તો ન ચાલે. આ મંત્રની અસર એ વ્યક્તિને જ થઇ શકે જે વ્યક્તિ જાતે આ મંત્ર કરે. છેલ્લે મારી કવિતાની ચાર પંક્તિઓ ટાંકુ છું.

જુના પુરાના રોગને દાટી દફનાવી, કર નવી શરુઆત શરણ લ્યો ૐકારનું
અગણિત અણથંભ્યા અમાપ મંત્રનાં જપીએ જાપ શરણ લ્યો ૐકારનું

★★★

# ધનવાન બનવું છે?

## આ રહી ચમત્કારિક મંત્રગુરૂચાવી - ૐગુરુ

જીવનમાં હંમેશા બધાને ધન મેળવવાની અભિલાષા રહે છે. પરંતુ તેના માટે શું કરવું? તે કોઇને ખબર હોય છે ખરી? આપણા શાસ્ત્રોમાં તેની ગુરૂચાવી બતાવી છે અને એ ગુરૂચાવી છે તમારું પુણ્ય વધારો અને પાપનો ક્ષય કરો તો આપોઆપ ધનવાન બની જવાશે.

મારા ગુરુજીએ મને એક સત્ય ઘટના અંગે વાત કરી હતી. જે ઘટના આજથી ઘણાં સમય અગાઉ શ્રીલંકાનાં એક ગામમાં બની હતી. વાત એમ હતી કે એક સમર્થ હિન્દુ સંન્યાસી ત્યાં ભારતીય સંસ્કૃતિનાં પ્રચાર પ્રસાર માટે પહોંચ્યા હોય છે. એ ગામમાં ૧૫૦ જેટલા કુટુંબો રહેતા હોય છે. તે સંન્યાસી પાસેથી એ ગામનો એક વ્યક્તિ લોખંડનાં ટુકડામાંથી સોનું બનાવવાની પદ્ધતિ શીખી લે છે. પછી આ વ્યક્તિ કોઇપણ મહેનત વગર સમૃદ્ધ બની જાય છે. ગામનાં લોકોને અચરજ થાય છે. ગામની એક વ્યક્તિ તેની આ સફળતાનું રહસ્ય મેળવવા દિવસ-રાત તેનું નિરીક્ષણ કરતો હોય છે અને અંતે તેને લોખંડમાંથી સોનું બનાવવાની વિદ્યા ખબર પડી જાય છે. પછી તે વ્યક્તિ તેના બે ચાર મિત્રોને આ બાબતની વાત કરે છે અને ધીમે ધીમે આખા ગામમાં બધા લોકોને આ વિદ્યાની જાણ થઇ જાય છે. પરંતુ કાદવમાં કમળની જેમ ગામમાં એક નાની ઝૂંપડીમાં રહેતા પતિ-પત્ની ખૂબ જ ગરીબ અવસ્થામાં રહેતા હતા. તેઓ પણ આ સંન્યાસીને મળ્યા હતા. આ સંન્યાસીએ તે ગરીબ પતિ-પત્નીને પણ આ વિદ્યા શીખવાડી હતી. બધા ગ્રામજનો આ વિદ્યાનો ઉપયોગ કરીને ધનવાન બની ગયા. પરંતુ આર્થિક રીતે ગરીબ કહેવાતા વ્યક્તિએ આ વિદ્યાનો ઉપયોગ ન કર્યો. તેની પત્નીએ એકવાર તેને પૂછ્યું કે આપણે પણ આ વિદ્યાનો પ્રયોગ કરી ધનવાન બનીએ. ત્યારે તે ગરીબ વ્યક્તિએ કહ્યું કે મહેનત કરીને નીતિનાં માર્ગે ચાલીને અને ઇશ્વરમય રહીને આપણે ખુશ છીએ. આપણી મહેનતથી ઇશ્વર આપણને ચોક્કસ ફળ આપશે. ભલે આપણાથી મોટું પુણ્ય કાર્ય નથી થતું પણ અબોલ પક્ષીને ચણ નાંખવા, ગાયને રોટલી ખવડાવવી એટલું તો પુણ્ય કાર્ય આપણા હાથે થાય છે. મને ઇશ્વર પર શ્રદ્ધા છે માટે અનીતિથી મારે કદી પણ ધનવાન બનવું નથી.

લગભગ બે મહિના પસાર થઇ ગયા હતા. એક દિવસ અચાનક સવારે પતિએ પત્ની કહ્યું કે ચાલો આપણે અત્યારે જ આ ગામ છોડીને જવું પડશે. હાથમાં આવે તેટલી વસ્તુઓ લઇ લે અને એકપણ સવાલ મને પૂછતી નહિ. પતિની વાત માની તેની પત્ની બાળકો સાથે ચાલી નીકળી.

બીજા દિવસે તેઓને ખબર મળ્યા કે જે ગામ છોડીને તેઓ નીકળ્યા હતા તે ગામમાં મોટી આગ લાગી હતી અને આગમાં ગામનાં બધા જ લોકો સ્વાહા થઇ ગયા હતા. ત્યારે પતિએ પત્નીને કહ્યું કે મને આગલી રાતે સ્વપ્ન આવ્યું હતું કે આ ગામમાં કંઇક અજૂગતું થવાનું છે માટે તું આ ગામ છોડીને ચાલ્યો જા. બસ સંકેત મળતા જ મેં ગામ છોડવાનો નિર્ધાર કરી દીધો હતો.

થોડા દિવસ પછી આ પતિ-પત્નીને પેલા સંન્યાસીનો ભેટો થયો ત્યારે તે પતિ-પત્નીએ સંન્યાસીને

ગામમાં બનેલી ભીષણ આગની વાત કરી. સંન્યાસીએ દુઃખી હૃદયે કહ્યું કે તે ગામનાં લોકોમાં વિદ્યાનો ખોટો પ્રયોગ કરીને મહેનત વગરનું અને નીતિ વગરનું ધન ભેગું કરવાની આદત પડી ગઇ હતી જેનાથી તેમનું પુણ્ય ક્ષીણ થઇ ગયું હતું. તેથી આવી કુદરતી આપત્તિ આવી. પરંતુ તમારી સત્ય નિષ્ઠાનું પુણ્ય તમારી આડે આવતું હતું એટલે તમે એ દિવસે ગામ છોડીને જેવા નીકળ્યા કે તરત જ આગરુપી દાવાનળ ફાટી નીકળ્યો અને ગામવાસીઓ તેમાં રાખ થઇ ગયા.

આ થઇ પુણ્યની વાત અને તેનાથી તે પતિ-પત્ની અને બાળકનું જીવન બચી ગયું. આવી અનેક ઘટનાઓ તમે ચોક્કસ સાંભળી જ હશે. શાસ્ત્ર અને પુરાણમાં લખવામાં આવેલું સનાતન સત્ય માત્ર બે જ વાક્યમાં છે. પરોપકાર કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે અને પરપીડન વૃત્તિથી એટલેકે બીજાને હેરાન કરવાથી પાપની વૃદ્ધિ થાય છે. એટલેકે બીજાને હેરાન કરવાથી પાપ વધે છે.

આપણું નીતિ શાસ્ત્ર પણ કહે છે કે સંસારરુપી આ જીવનમાં જે કંઇપણ છે તે આનંદ માત્ર છે અને બીજાને દુઃખમાંથી બહાર કાઢવા માટે છે. આ મુજબ જો હંમેશા આપણે નીતિમત્તાથી યુક્ત જીવન જીવીએ અને બીજાને મદદ કરતા રહીએ તો પુણ્યનો વધારો થાય છે અને તેમાં તમને ક્યારેય કોઇ પાછા હટાવી શકતું નથી કે દુઃખ તમારી નજીક આવતું નથી.

હવે વાત રહી આર્થિક સમૃદ્ધતાની. છેલ્લા પાંચ વર્ષ પહેલાની એક વાત કરું. અમદાવાદનો એક મોટો બિલ્ડર મારી પાસે આવ્યો. તેની સ્કીમમાં તકલીફ ઊભી થઇ હતી અને વેચાણ પૂર્ણ થતું ન હતું. મેં એને માર્ગદર્શન એટલું આપ્યું કે આપ સંકલ્પ કરો કે દર વર્ષની કમાણીમાંથી અમુક હિસ્સો હું જીવદયા માટે અને ધર્મકાર્ય માટે ઉપયોગ કરીશ. એ બિલ્ડરે સંકલ્પ કર્યો અને આજના આ સમયે પણ એની એક પણ સ્કીમ એવી નથી કે જેમાં વેચાણમાં અવરોધ આવ્યો હોય કે નિયત સમયમાં તે પૂર્ણ ના થઇ હોય. હું તમને ખુલ્લી ચેલેન્જ સાથે કહુ છું કે બીજા માટે કંઇક કરી જુઓ, પછી જુઓ તમારા જીવનમાં આવતું પરિવર્તન.

હવે તમને ધનવાન કઇ રીતે બનવું, એનો ઉપાય બતાવું છું.

ઉપાય – નીચે આપેલો મંત્ર દિવસ દરમિયાન કોઇપણ સમયે ૨૭ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસા એકવાર વાંચવા. આ મંત્ર અને ૐકાર ચાલીસા આપ કોઇપણ જગ્યાએ કોઇપણ સમયે અથવા ટ્રાવેલીંગમાં પણ આપની અનુકૂળતાએ કરી શકો છો.

**મંત્ર – ।। ૐ મહાદેવી સર્વસિદ્ધિ લક્ષ્મીદેવી પ્રાંગ પ્રાંગ નમઃ ।।**

આ મંત્રનાં માધ્યમથી આપ પુણ્યકર્મ તરફ તો વળશો જ પણ આર્થિક ઉન્નતિનાં નવા રસ્તા આપના માટે ખુલશે અને ઉત્તરોત્તર પ્રગતિ થશે. જેનાથી તમારા જીવનમાં અદભૂત રીતે ચમત્કાર થતા જશે.

★★★

# કામમાં મન ન લાગવું અને હતાશા અનુભવાતી હોય તો તેના માટેનો દિવ્ય મંત્ર

માનવશરીર ભગવાનની અમૂલ્ય ભેટ છે. કોઇપણ કાર્ય માટે શરીર સ્વસ્થ હોવું જરૂરી છે. શારીરિક અસ્વસ્થતાથી કાર્યમાં ઉત્સાહ ઘટે છે. હતાશા અનુભવાય છે. શરીરમાં પોષકતત્વોની કમીથી કામમાં થાક, મન ન લાગવું, આળસ, હતાશા, ઉદાસીનતા અનુભવાય છે. ખાસ કરીને વિટામિન D, B12, આયર્ન અને કેલ્શિયમની ખામીના કારણે આવું થાય છે.

- વિટામિન D આપણા શરીર માટે ખૂબ જ જરૂરી છે. તેની કમી થવાથી હાડકાં નબળા પડે છે, થાક લાગે છે, શરીરમાં દુઃખાવો રહે છે, ઓછી ઊર્જા અને કોઇપણ કાર્ય સમસયસર પૂર્ણ કરવાની પ્રેરણાને દૂર કરે છે.
- આયર્ન અત્યંત મહત્વપૂર્ણ મિનરલ છે. જે હિમોગ્લોબિન બનાવવામાં મદદરૂપ છે. જે શરીરને ઓક્સિજન પૂરું પાડે છે. આયર્નની કમીના લીધે થાક અને નબળાઇ રહે છે. કાર્ય કરવાની શક્તિ ઘટે છે.
- B12 નર્વસ સિસ્ટમ અને મગજના સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ન્યૂરોટ્રાન્સમીટર્સની નિર્મિતમાં તેની મહત્વની ભૂમિકા છે. તેનાથી ઊર્જા સ્તર અને એકાગ્રતા નિયંત્રિત થાય છે. B12ની કમીના કારણે એકાગ્રતા ઘટે છે, મૂડ સ્વિંગ્સ અને મનોબળમાં ઘટાડો થાય છે, યાદશક્તિ ઘટે છે, થાક લાગે છે.
- મેગ્નેશિયમ તણાવ ઘટાડવામાં અને ઊંઘની ગુણવત્તા સુધારે છે. હૃદય, પેશીઓ અને મગજના આરોગ્ય માટે જરૂરી છે. ઓમેગા-૩ ફેટી એસિડ્સ દિમાગ માટે જરૂરી છે. હૃદયરોગના જોખમને ઓછું કરે છે. ડિપ્રેશનમાં રાહત આપે છે. આ બંને તત્વો શરીર અને માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી છે.

આ સમજૂતી સાયન્ટિફિક છે. આ બધાં તત્વો શરીર માટે અત્યંત જરૂરી છે. જેની કમીના કારણે ઉપરોક્ત સમસ્યાઓ ઊભી થાય છે. જે મેડીસીન્સના માધ્યમથી તો સોલ્વ થાય છે, પરંતુ જો સાથે નીચે આપેલો દિવ્ય મંત્ર આપ કરશો તો ધીમે-ધીમે મેડીસીન્સ નહીં લેવી પડે અને આ મંત્ર જ આપની સમસ્યાનો હલ કરી દેશે.

## દિવ્ય મંત્ર – ॥ ૐ કૂંભમ કૂંભમ કાર્યતા નમઃ ॥

કામમાં મન ન લાગવું અને હતાશા જેવી સમસ્યાથી આપ પીડાતા હોય તો ઉપર આપેલ મંત્ર રોજ ૯ (નવ) વખત કરવો અને ત્યારબાદ સદ્‌ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ દિવ્ય મંત્રથી આપને મહિનામાં ચમત્કારિક પરિણામ અચૂક મળશે.

★★★

## સફળતાના શિખરો સર કરવા નીચેનો પ્રયોગ અચૂક કરો.


# દિવ્ય શક્તિ સિદ્ધ કળશ



ઉપર દર્શાવેલ સર્વતાસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) જે સિદ્ધ જડીબુટ્ટીઓ અને વસ્તુઓથી સજ્જ કરવામાં આવેલ છે. આ કળશનો કોઈ પણ મનોકામનાની પૂર્તિ માટે આપ ઉપયોગ કરી શકો છો. આ મંત્રશક્તિવાળો ઉદ્‌વાગ (કળશ) આપે કોઇ પણ જગ્યાએ જમીનમાં દાટી દેવો. ઉદ્‌વાગ (કળશ) એક વાર દાટી દીધા પછી ક્યારેય બહાર કાઢવો નહિ. કાયમ માટે દાટેલો જ રાખવાનો છે. જેનાથી આપ આ નવા વર્ષમાં સફળતાના શિખર અચૂક સર કરી શકશો. આ મંત્રસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) આપ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો આશ્રમ પરથી ઉપલબ્ધ થઈ શકશે.

નકરો રૂ.૬૫૧/- (છસ્સો એકાવન રૂપિયા) રાખેલ છે. જે દિવ્યાંગોના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

**સદ્‌ગુરુ ૐઋષિ** દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી

## અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.

YouTube

**સ્ટેપ- ૧** યૂ ટ્યૂબ ચેનલ પર કલીક કરો

**સ્ટેપ- ૨** ટાઇપ કરો “SADGURU OMRUSHI”

**સ્ટેપ- ૩** “SADGURU OMRUSHI” પર કલીક કરો

**સ્ટેપ- ૪** SUBSCRIBE બટન કલીક કરો અને Bell (🔔) ની નિશાનીને દબાવો.

સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

## મંત્રથેરાપીથી મારો હાથનો દુઃખાવો મટી ગયો

ૐ નમઃ..., મારું નામ કૃપાલી છે. હું રાજકોટ રહું છું. ગુરુજી દ્વારા આયોજીત મંત્ર થેરાપી સેમિનારમાં ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ મેં ભાગ લીધો હતો. છેલ્લા મહિનાથી મારો જમણો હાથ ખૂબ જ દુઃખી રહ્યો હતો. એના પર સોજો પણ આવ્યો હતો. ખૂબ જ પ્રયત્ન કરવા છતાં પણ એમાં દુઃખાવામાં કોઈ ફરક પડતો ન હતો. મારો હાથ સીધો કરતી વખતે સતત દુઃખતો હતો.

મંત્ર થેરાપીના સેમિનારમાં બેસતા પહેલા મેં જ્યારે હાથ પર પાટો બાંધ્યો, ત્યારે હાથ સખત દુઃખી રહ્યો હતો. મંત્ર થેરાપીનો સેમિનાર પૂર્ણ થયા બાદ મેં મારા હાથનો પાટો જ્યારે ખોલ્યો, તો મારો હાથ એકદમ સીધો પણ થયો અને દુઃખાવો પણ થતો ન હતો. પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી મારા હાથનો દુઃખાવો સંપૂર્ણપણે દૂર થઈ ગયો તેમજ મારામાં હિંમત અને એક નવી ચેતના આવી. કારણ કે મારા હાથની પીડાના કારણે હું ડિપ્રેશ થઈ ગઈ હતી. બહુ દવા લીધી, પણ મહિનામાં કોઈ ફરક ન જણાતા મને એવું લાગતું હતું કે મારો જમણો હાથ કદાચ આવો જ રહેશે તો? પરંતુ મંત્ર થેરાપીના આ નિઃશુલ્ક સેમિનારમાં ભાગ લીધા બાદ મારા શરીરની આ પીડા દૂર થઈ ગઇ, જેના કારણે દિવાળીના સમયમાં જ્યારે મને ખૂબ જ વર્કલોડ રહે છે, તે દરમિયાન હું મારું કામ સારી રીતે કરી શકીશ. પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી જ આ શક્ય બન્યું છે. તેમના ચરણોમાં કોટી કોટી વંદન.

આપ પણ શરીરની કોઇપણ પ્રકારની પીડા દૂર કરવા માંગતા હોય, તો ગુરુજી દ્વારા કરાવવામાં આવતા મંત્ર થેરાપી સેમિનારમાં આપ અવશ્ય જોડાઓ. આ સેમિનાર સંપૂર્ણપણે નિઃશુલ્ક થતો હોય છે.

લી. કૃપાલી (રાજકોટ)

## અમેરિકામાં એચ-વન-બી વીઝા મળી ગયા

ૐ નમઃ..., હું છેલ્લા પાંચ વર્ષથી અમેરિકામાં રહી રહ્યો છું. મારું નામ નિશાંત દવે છે. અમેરિકામાં છેલ્લા પાંચ વર્ષમાં ભણતર પૂરું કર્યા બાદ એચ-વન-બી વિઝા માટે હું ખૂબ પ્રયત્ન કરી રહ્યો હતો. એના માટે બે-ત્રણ જોબ પણ મેં બદલી, પરંતુ કોઈપણ કંપની એચ-વન-બી વિઝા કરતું ન હતું.

હું અમેરિકા ગયો ત્યારથી પરમ પૂજ્ય ગુરુજી સાથે જોડાયેલો છું. મેં એમને મારી વ્યથા જણાવી અને કહ્યું કે જો ગુરુજી, એચ-વન-બી વિઝા નહીં થાય, તો મારે અમેરિકામાં રહેવું શક્ય બનશે નહિ. ગુરુજીએ કીધું કે ૨૦૨૫માં તારા એચ-વન-બી વિઝા થઈ જશે. એમણે મને એક મંત્ર આપ્યો અને ૐકાર ચાલીસાનો પાઠ કરવા માટે નિયમિત કહ્યું, તેમજ વાલવ્ય દોષનું નિવારણ પણ મને કરવા માટે સમજાવ્યું. આ વાત નવેમ્બર ૨૦૨૪ની છે.

એ પછી ગુરુજીના માર્ગદર્શન અનુસાર ચાલતો રહ્યો. નવેમ્બર-૨૦૨૫ના માર્ચ મહિનામાં મારા એચ-વન-બી વિઝા આવી ગયા. હું ખૂબ જ ખુશ થઇ ગયો. મારા આનંદનો પાર ન રહ્યો. મેં ગુરુજીને તરત ફોન કરીને એમના આશીર્વાદ લઇ આભાર વ્યક્ત કર્યો. હું પૂર્ણતઃ હવે મારા વર્ક પરમિટ સાથે કામ કરી શકું છું અને

હું ઈચ્છતો હતો એવી જોબ પણ મને મળી ગઈ.

અત્યારની પરિસ્થિતિ પ્રમાણે, જે આજે ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ જ્યારે મારો અનુભવ લખીને મોકલું છું, ત્યારે એ વખતે મારું એચ-વન-બી વિઝા ના થયું હોત, તો નવા કાયદા પ્રમાણે મારે ભારત પાછું જ ફરવું પડત. પરંતુ પરમ પૂજ્ય ગુરુજીએ જે ચમત્કાર કર્યો, એ ચમત્કાર મારા જીવનમાં એક યાદગાર ઘટના બની જશે, કારણ કે હવે એચ-વન-બી વિઝા નવા થવા એ, લગભગ આવનારા ત્રણ-એક વર્ષ સુધી તો અશક્ય જેવું લાગી રહ્યું છે. ગુરુજીના આશીર્વાદ મળી જાય તો જીવનમાં ચમત્કાર સર્જાઈ જાય. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

લી. નિશાંત દવે (અમેરિકા)

**આપ પણ કોઈપણ દેશમાં અટકેલા હોય અને ત્યાંનું લીગલ રેસીડેન્સી અથવા તો વર્ક વિઝા પ્રાપ્ત કરવા માંગતા હોય, તો ।। ૐ વામજ ત્રતા નમઃ ।। આ મંત્ર ત્રણ વખત કરી, ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરો.**

## મારું મકાન વેચાઇ ગયું અને ઢીંચણનો દુઃખાવો મટી ગયો

ૐ નમઃ..., મારું નામ સોનાલી છે. મેં બીલીમોરામાં એક મકાન લીધું હતું, પરંતુ છેલ્લા પાંચ વર્ષથી રૂ.60 લાખનું મકાન રૂ.50 લાખમાં પણ કોઈ લેવા તૈયાર ન હતું. જાન્યુઆરી 2025માં મેં પરમ પૂજ્ય ગુરુજીને મારી આ વ્યથાની રજૂઆત કરી. ગુરુજીએ મને કહ્યું, "તું ચિંતા ન કરીશ, હું તારી સાથે છું. ॥ૐ રાજસ્વ ભૂમિતા નમઃ॥ આ મંત્ર ત્રણ વખત કરી અને ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કર."

ગુરુજીએ મને સૂચના આપી એ પ્રમાણે મેં રોજ રાત્રે 9 થી 11માં મંત્ર અને ૐકાર ચાલીસા કરવાનું ચાલુ કર્યું. ફક્ત ત્રણ મહિનામાં રૂ.50 લાખમાં ન વેચાતું અમારું મકાન રૂ.55 લાખમાં વેચાઈ ગયું અને એ રૂપિયામાંથી મેં મારા નવા ઘરની લોન પણ પૂરી કરી દીધી. મારા અને મારા પતિ માટે તો આ એક ચમત્કારિક ઘટના જ છે, કારણકે જેના માટે અમે વર્ષોથી પાછળ પડ્યા હતાં એ કાર્ય ગુરુજીના મંત્રએ એક રૂપિયાના ખર્ચ વગર સરળતાથી પાર પાડી દીધું તે અમારા માટે તો ચમત્કાર જ કહેવાય.

ત્યારબાદ હું મંત્ર થેરાપીના સેમિનારમાં 21 સપ્ટેમ્બર 2025ના રોજ જોડાઈ હતી. લગભગ બે વર્ષથી ઢીંચણમાં મને થોડો દુઃખાવો શરૂ થયો હતો, જેના કારણે હું ચાલું તો મને પગ દુઃખતો હતો. પેઈન કિલર્સ લઉં ત્યાં સુધી રાહત રહેતી હતી. પણ મારી ઉંમર હજી 40 વર્ષની છે, પેઈન કિલર્સ હું ક્યાં સુધી લઉં? એવું વિચારીને જ હું આ સેમિનારમાં જોડાઈ હતી.પરમ પૂજ્ય ગુરુજીએ એ સેમિનારમાં કહ્યું હતું એ પ્રમાણે કે પૂરી આસ્થા સાથે તમારી ઓરામાં મારા મંત્રો, મંત્રશક્તિપાત જાય તે માટે તમે પૂર્ણ રીતે મારા તરફ ધ્યાન કેન્દ્રિત કરો. મેં એ જ પ્રમાણે કર્યું અને અને ગુરુજીએ આપેલ ઔષધી અને બીજી વસ્તુઓના માધ્યમથી બે જ દિવસમાં, માત્ર બે જ દિવસમાં, આજે 23 સપ્ટેમ્બર 2025ના રોજ હું મારો અનુભવ જ્યારે લખીને મોકલી

રહી છું, ત્યારે મારા પગમાંથી દુઃખાવો દૂર થઈ ગયો છે. બે દિવસ મેં સતત એ ઔષધી લગાવવાનું ચાલુ રાખ્યું અને મારા ઢીંચણમાં દુઃખાવો જડમૂળથી નીકળી ગયો, એવું અત્યારે મને લાગી જ રહ્યું છે.

બે દિવસમાં ચમત્કાર થયો તો હું માનું છું કે મારો ઢીંચણનો દુઃખાવો આવનારા 10 વર્ષ સુધી મને હેરાન નહીં કરે, કારણકે કમ સે કમ મને રસ્તો તો મળી ગયો. ગુરુજીના આશીર્વાદ, મંત્રશક્તિપાત અને મંત્રના માધ્યમથી તેમજ એમણે આપેલી ઔષધિના માધ્યમથી ભવિષ્યમાં પણ ચોક્કસ રસ્તો નીકળી જશે એવો મને દૃઢ વિશ્વાસ બેસી ગયો છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

લી. સોનાલી (બીલીમોરા)

**આપનું પણ મકાન ન વેચાતું હોય, તો ઉપર લખેલ મંત્ર ત્રણ વખત કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર નિયમિત રીતે કરો. તેમજ ઢીંચણના દુઃખાવા માટે ગુરુજી દ્વારા કરાવવામાં આવતો નિઃશુલ્ક મંત્રથેરાપી સેમિનારમાં અવશ્ય જોડાઓ.**

## ધંધામાં સફળતા મળી

ૐ નમઃ..., મારું નામ પ્રશાંત દેસાઈ છે. હું છેલ્લા ત્રણ વર્ષથી કેમિકલના બિઝનેસમાં કામ કરી રહ્યો છું, પરંતુ મારો ધંધો બરાબર ચાલી રહ્યો ન હતો. મારા મિત્ર વિનયભાઈના કહેવાથી હું પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ માટે અમદાવાદ આવ્યો. પરમ પૂજ્ય ગુરુજીએ મારી મુખમુદ્રા અને ઓરા જોઈને કહ્યું કે, "તને ત્રશલ દોષ છે, જેના કારણે તારા ધંધાકીય પ્રગતિમાં અવરોધ આવી રહ્યો છે અને શારીરિક વ્યથાઓ પણ ચાલુ છે."

એ પછી પરમ પૂજ્ય ગુરુજીના કહેવાથી ત્રશલ દોષનું નિવારણ કરી, ગુરુજીએ આપેલો મંત્ર, ॥ૐ દીવીતા દીવીતા ત્રશલ નમઃ॥ ત્રણ વખત કરી ૐકાર ચાલીસાનો પાઠ કરવાનું મેં શરૂ કર્યું. ગુરુજીના કહેવા પ્રમાણે હું નિયમિત રીતે રાત્રે ૯ થી ૧૧માં નિયમિત રીતે મંત્ર, ૐકાર ચાલીસાનો પાઠ, શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ કરતો હતો.

પહેલા દિવસથી મનમાં ખૂબ શાંતિ થઈ, પણ ધીમે ધીમે બે મહિના પસાર થતા ધંધામાં મારી પકડ આવતી ગઈ અને બે કંપની સાથે મારા કામ શરૂ થયાં. છેલ્લા એક વર્ષમાં ગુરુજીના આશીર્વાદથી મારા ધંધામાં ઘણું ઉત્તમ પરિવર્તન આવ્યું છે અને હું સારી રીતે ધંધો કરી શકું છું. ગુરુજીની ચરણોમાં નતમસ્તક પ્રણામ...

લી. પ્રશાંત દેસાઈ (વલસાડ)

**આપ પણ આવી કોઈ સમસ્યાથી ઘેરાયેલા હોય તો અહી આપેલ મંત્ર ॥ૐ દીવીતા દીવીતા ત્રશલ નમઃ॥ ત્રણ વખત કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરો.**

# Karma Associates

TATA AIA LIFE INSURANCE

TATA AIG INSURANCE

## "All insurance in one umbrella."




**Book your Appointment:**

**Bhavin Shah - 99255 94767 | Priti Vora - 99241 99190**

**karmaassociatesbhavinshah@gmail.com**

# Kalash Associates

- Car Loan
- Home Loan
- Business Loan
- Personal Loan
- Mortgage Loan
- Education Loan

**Book your Appointment:**

**Jinal Joshi - 7575816434**

**kalashassociates87@gmail.com**

**Golden opportunity to join our business... 99255 94767**

## સદ્ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી
## આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૧૦-૨૦૨૫ | મંગળવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૦૬-૧૧-૨૦૨૫ | ગુરુવાર | ૐ શક્તિતા |
| ૨૨-૧૦-૨૦૨૫ | બુધવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર | ૦૭-૧૧-૨૦૨૫ | શુક્રવાર | ૐ દુર્ગેશ્વરીદેવી |
| ૨૩-૧૦-૨૦૨૫ | ગુરુવાર | ૐ ઈન્દ્રદેવ | ૦૮-૧૧-૨૦૨૫ | શનિવાર | ૐ રક્ષામ્ય |
| ૨૪-૧૦-૨૦૨૫ | શુક્રવાર | ૐ શ્રી કૃષ્ણાય | ૦૯-૧૧-૨૦૨૫ | રવિવાર | ૐ નવલક્ષ્મી |
| ૨૫-૧૦-૨૦૨૫ | શનિવાર | ૐ લક્ષ્મીકુબેર | ૧૦-૧૧-૨૦૨૫ | સોમવાર | ૐ હનુમંતા |
| ૨૬-૧૦-૨૦૨૫ | રવિવાર | ૐ અષ્ટલક્ષ્મીદેવી | ૧૧-૧૧-૨૦૨૫ | મંગળવાર | ૐ બજરંગી |
| ૨૭-૧૦-૨૦૨૫ | સોમવાર | ૐ ધનશ્રી | ૧૨-૧૧-૨૦૨૫ | બુધવાર | ૐ ચંદ્રલક્ષ્મીદેવી |
| ૨૮-૧૦-૨૦૨૫ | મંગળવાર | ૐ રાહુવાતી | ૧૩-૧૧-૨૦૨૫ | ગુરુવાર | ૐ સૂર્યલક્ષ્મીદેવી |
| ૨૯-૧૦-૨૦૨૫ | બુધવાર | ૐ સૂર્યવાતી | ૧૪-૧૧-૨૦૨૫ | શુક્રવાર | ૐ વિજયલક્ષ્મીદેવી |
| ૩૦-૧૦-૨૦૨૫ | ગુરુવાર | ૐ કેતુવાતી | ૧૫-૧૧-૨૦૨૫ | શનિવાર | ૐ બગલામુખીદેવી |
| ૩૧-૧૦-૨૦૨૫ | શુક્રવાર | ૐ શુક્રવાતી | ૧૬-૧૧-૨૦૨૫ | રવિવાર | ૐ ત્રિપુરાસુંદરીદેવી |
| ૦૧-૧૧-૨૦૨૫ | શનિવાર | ૐ બુધવાતી | ૧૭-૧૧-૨૦૨૫ | સોમવાર | ૐ કમલાદેવી |
| ૦૨-૧૧-૨૦૨૫ | રવિવાર | ૐ શનિવાતી | ૧૮-૧૧-૨૦૨૫ | મંગળવાર | ૐ કાર્યશક્તિતા |
| ૦૩-૧૧-૨૦૨૫ | સોમવાર | ૐ ચંદ્રવાતી | ૧૯-૧૧-૨૦૨૫ | બુધવાર | ૐ કુબેરદેવ |
| ૦૪-૧૧-૨૦૨૫ | મંગળવાર | ૐ મંગલવાતી | ૨૦-૧૧-૨૦૨૫ | ગુરુવાર | ૐ રાદલ્ય |
| ૦૫-૧૧-૨૦૨૫ | બુધવાર | ૐ ગુરુવાતી | | | |

॥ ૐ નમઃ ॥

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન લાલ કલરના કપડામાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને સફેદ કલરના કપડામાં મગના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને લીલા કલરના કપડામાં ઘઉંના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન વાદળી કલરના કપડામાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ કલરના કપડામાં કઠોળ ચણાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ સફેદ કલરના કપડામાં મગના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# પૃથ્વીલોકથી મોક્ષલોક અને ઈન્દ્રલોક
## સુધી લઈ જનાર ક્રિયા એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



### ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

# જાહેર આમંત્રણ

“દર્શન માત્ર સે મિટે કષ્ટ”
ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

# પૂનમ મહાદર્શન



ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**6 ઓકટોબર, 2025**
**સોમવાર**

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**
**આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**શુભ સમય**

**સવારે**
**10 થી 1 કલાકે**

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

RNI GUJGUJ/2015/65690
Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**